કરતાં કાર્ય જગે સેવાનાં જો કદી થાકી જવાય, કાયા થાકે મન નવ થાકે, જીવતર ઉજળું એવું મનનું બળ તું આપ

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૧૦ | ૯ ઓક્ટોબર, ૨૦૨૦, શુક્રવાર; અ. આસો વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૨૭૮ |
| અમદાવાદ | ૧૯૫ |
| ગાંધીનગર | ૪૫ |

# આધુનિકીકરણથી વાયુસેના વધુ મજબૂત બનશે

**આધુનિકરણની ચાલી રહેલી પ્રક્રિયા ભારતીય વાયુસેનાને વધુ સામરિક બળમાં પરવર્તીત કરશે : રાષ્ટ્રપતિ : ભારતીય વાયુસેનાના ૮૮મા સ્થાપના દિવસની ઊજવણી : ઉજવણીમાં કુલ ૫૬ એરક્રાફ્ટ, જેમાં રાફેલ, જગુઆર, તેજસ, સુખોઈ અને મિરાજ પણ સામેલ : વડાપ્રધાન અને રક્ષા મંત્રીએ શુભેચ્છા પાઠવી**

નવી દિલ્હી,તા.૮

ભારતીય વાયુસેના ગુરુવારે પોતાનો ૮૮મો સ્થાપના દિવસ ઉજવી રહી છે. આ પ્રસંગે રાષ્ટ્રપતિ અને ત્રણેય સેનાઓના સુપ્રીમ કમાન્ડર રામનાથ કોવિંદએ પોતાની શુભકામનાઓ આપી છે. રાષ્ટ્રપતિએ ટ્વીટ કરીને ભારતીય વાયુસેનામાં ચાલી રહેલા પરિવર્તનના દોર ઉપર પણ ભાર મૂક્યો છે. એક ટ્વીટમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે, રાફેલ, અપાચે અને ચિનૂકને સામેલ કરવાની સાથે આધુનિકરણની ચાલી રહેલી





પ્રક્રિયા ભારતીય વાયુસેનાને વધુ સામરિક બળમાં પરવર્તીત કરશે. રાષ્ટ્રપતિએ કહ્યું કે, વાયુ સેના દિવસ પર, અમે ગર્વથી અમારી વાયુ યોદ્ધાઓ, દિગ્ગજો અને ભારતીય વાયુ સેનાના પરિવારોનું સન્માન કરીએ છીએ. રાષ્ટ્ર આપણા આકાશને સુરક્ષિત રાખવા અને માનવીય સહાયતા અને આપત્તિ રાહતમાં નાગરિક અધિકારોની સહાયત કરવામાં ભારતીય વાયુસેનાના યોગદાન માટે ઋણી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ભારત-જાપાન ફાઈવ-જી ટેક્નોલોજી માટે સહકાર સાધશે

ન્યુ દિલ્હી,તા.૮

ફાઈવ-જી ટેક્નોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને અન્ય સંવેદનશીલ ક્ષેત્રમાં સહકાર આપવા માટે ભારત અને જાપાને મહત્ત્વાકાંક્ષી કરાર કર્યા હતા. ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકર અને જાપાનના તેમના સમકક્ષ તોશિમિત્સુ મોટેગીની ટોકીયો ખાતે થયેલી બેઠક બાદ જાહેરાત કરવામાં આવી હતી કે ઈન્ડો-પેસિફિક ઓશન્સ ઈનિશ્યટિવ (આઈપીઓઆઈ)ના કનેક્ટિવિટી પિલરમાં મહત્ત્વના ભાગીદાર બનવા માટે જાપાન રાજી થયું છે. ભારત-જાપાનના વિદેશ પ્રધાનોની ૧૩મી વ્યૂહાત્મક બેઠકમાં સંસાધન અને વિકાસ, ક્રિટિકલ ઈન્ફર્મેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ફાઈવ-જી, ક્ષેત્રમાં સહકાર આપવા માટેના કરાર કરવામાં આવ્યા હતા.

# કેન્દ્રીય મંત્રી રામવિલાસ પાસવાનનું નિધન

ગાંધીનગર, તા. ૮

કેન્દ્રિય મંત્રી રામવિલાસ પાસવાનનું મોડી સાંજે હૃદયરોગની સારવાર દરમ્યાન નિધન થવા પામ્યું છે. રામવિલાસ પાસવાનને બાયપાસ સર્જરી માટે હોસ્પિટલમાં દાખલ કરાયાં હતા જ્યાં તેમનું નિધન થતાં તેમના પુત્ર ચિરાગ પાસવાને ટ્વીટ કરી જાણ કરી હતી.

લોકજનશક્તિ પાર્ટીના સ્થાપક રામવિલાસ પાસવાન મૂળ બિહારના નેતા છે અને હાલ તેમની પાર્ટી એનડીએનો ભાગ છે. રામવિલાસ પાસવાન કેન્દ્રમાં અન્ન અને ખાદ્ય પુરવઠા મંત્રાલય સંભાળી રહ્યાં હતા અને તેઓ ભારતીય રાજનીતિમાં એક એવા નેતા તરીકેની છાપ ધરાવતા હતા કે જેઓ ચૂંટણીઓ પહેલા



જનમતને પારખવાની નાડ ધરાવતા હતા. દેશમાં દલિત નેતા તરીકે પણ ખૂબ જ લોકપ્રિય રહ્યા છે. તેમની આ ખાસિયતના કારણે બાજપાઈથી માંડીને નરેન્દ્ર મોદી સુધીની લગભગ દરેક સરકારમાં તેઓ મંત્રી પદ ભોગવી ચુક્યા છે કેમકે જનમતના નાડ પારખુ હોવાથી અગાઉથી જ એ મોરચામાં સામેલ થઈ જતા જેની સરકાર બનવાની શક્યતા હોય. આ કારણે તેમને મૌસમી રાજનેતા તરીકે પણ ઓળખવામાં આવતા હતા પરંતુ જનતાની નાડ પારખવાની આ આવડતની અનેક રાજનેતા ઈર્ષ્યા પણ કરતા હતા. રામવિલાસ પાસવાનના નિધન પર રાષ્ટ્રપતિ, વડાપ્રધાન સહિત દરેક નેતાઓએ શોક વ્યક્ત કર્યો છે.

## છેલ્લે... છેલ્લે...

- મુંબઈ પોલીસે ટીઆરપી સ્કેમ સંદર્ભે રીપબ્લીક ટીવી સહિત ૩ ચેનલોમાં તપાસ આરંભી છે.
- અમેરિકન પ્રમુખની ચૂંટણી સંદર્ભે બીજી રાષ્ટ્રીય ચર્ચા ૧૫મી ઓક્ટોબરે યોજાશે.
- સુરતના ડેપ્યુટી કમિશનર કેતન પટેલ સામે અપ્રમાણસર સંપત્તિના કેસમાં એસીબીની તપાસ
- અમદાવાદના પોપ્યુલર ગૃપના બિલ્ડરોને ત્યાં આવકવેરાના દરોડા
- અમદાવાદ-મુંબઈ તેજસ ટ્રેન ૧૭મીથી ફરી દોડશે
- રશિયાની કોરોના વેક્સિનનુ મોટા પાયે પરીક્ષણ કરવાની મંજૂરી ભારતે ના આપી

# કોરોના સામેના યુદ્ધમાં એક થવા વડાપ્રધાનની દેશવાસીઓને અપીલ

**જીવલેણ કોરોના વાયરસ મુદ્દે મોદીએ ટ્વિટ કરી : વાયરસને હરાવવા લોકોને સહકાર આપવા આહ્વાન કર્યું**

નવી દિલ્હી, તા. ૮

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર લોકોને કોરોના વાયરસ સામેની લડતમાં એક થવાની અપીલ કરી છે. વડા પ્રધાને ઈ યુનાઈટ ૨ ફાઈટ અગેન્સ્ટકોરોના સાથે અનેક ટ્વીટ્સ કર્યું છે, જેમાં તેમણે ચેપ અટકાવવા જરૂરી પગલાં લેવાનું કહ્યું છે. વિશ્વભરમાં કોરોના વાયરસના કેસમાં ભારત બીજા સ્થાને છે, છેલ્લા કેટલાક દિવસોથી લગભગ ૭૦ હજાર કેસ નોંધાઈ રયા છે. દરમિયાન વડા પ્રધાને લોકોને વાયરસને હરાવવા સહકાર આપવા જણાવ્યું છે.

વડા પ્રધાન મોદીએ તેમના એક ટ્વીટમાં લખ્યું છે કે,




'ભારતમાં કોવિડ -૧૯ ની યુદ્ધ લોકોને કારણે આગળ વધી રહ્યું છે અને તેને કોવિડ વોરિયર્સની મહાન શક્તિ પણ મળે છે. અમારા સંયુક્ત પ્રયાસોથી ઘણા લોકોનું જીવન બચી ગયું છે. આપણે આ લડત ચાલુ રાખવી જોઈએ અને આપણા નાગરિકોને વાયરસથી બચાવવા જોઈએ. અન્ય એક ટ્વીટમાં વડા પ્રધાને લોકોને કોરોના રોકવા માટે જરૂરી પગલાં અપનાવવા જણાવ્યું છે. આ ટ્વિટમાં તેમણે લખ્યું કે, 'આવો, કોરોના સામે લડવા માટે એક થઈએ! હંમેશાં યાદ રાખોઃ માસ્ક પહેરવું જ જોઈએ. હાથ સાફ રાખો. સામાજિક અંતરને અનુસરો. 'બે વાર'નું અંતર રાખો.

એક બીજી ટ્વીટમાં વડા પ્રધાન મોદીએ કહ્યું છે કે, 'અમે સાથે મળીને સફળ થઈશું. અમે કોવિડ -૧૯ સામે ભેગા મળીને જીતીશું.

## હાથરસ કેસ મામલે આરોપીઓને ખોટા કેસમાં ફસાવ્યા હોવાની રજૂઆત

**હાથરસ કેસઃ આરોપીઓએ એસપીને પત્ર લખ્યો : આરોપીઓએ લાગેલા તમામ આરોપો ફગાગી દીધા, મુખ્ય આરોપીએ સમગ્ર ઘટનાક્રમ પર પ્રકાશ પાડ્યો**

નવી દિલ્હી,તા.૮

હાથરસ કેસમાં આરોપીઓએ એસપીને પત્ર લખ્યો છે. પત્રમાં ખોટા કેસમાં ફસાવ્યા હોવાની દલીલ આપી છે. આરોપી સંદીપ, રામુ, લવકુશ અને રવિએ પત્ર લખ્યો છે. આરોપીઓએ પોતાના પર લાગેલા તમામ આરોપો ફગાવ્યા છે. મુખ્ય આરોપી સંદીપે પત્રમાં સમગ્ર વારદાતનો ઘટનાક્રમ જણાવ્યો છે. આરોપીનું કહેવું છે કે તેની પીડિતા સાથે ઓળખ હતી અને ફોન પર વાતચીત થતી હતી. મુખ્ય આરોપી સંદીપે જણાવ્યું કે આ કેસમાં આરોપી બનાવવામાં આવેલા રવિ અને રામુ તેના પરિવાર સાથે સબંધ ધરાવે છે અને તેના કાકા છે. મુખ્ય આરોપીએ પત્રમાં એવો પણ દાવો કર્યો છે કે તેની પીડિતા સાથે મિત્રતા હતી, જેના પર તેના પરિવારને વાંધો હતો. ઘટનાવાળા દિવસ અંગે આરોપીનું કહેવું છે કે તે તે દિવસે પીડિતાને મળવા માટે ખેતરે ગયો હતો પરંતુ ત્યારબાદ તે પીડિતાના

● અનુસંધાન પાન-૭ પર

## મારી પુત્રી આઘાતથી બહાર કેવી રીતે આવશે : રીયાની માતા

**પુત્રી જેલમાંથી મુક્ત થતાં માતા ધ્રુસ્કે-ધ્રુસ્કે રડ્યાં જામીન મળ્યા બાદ રિયાના મિત્રો તેને લેવા ભઆયખલ્લા જેલ પહોંચ્યા હતા અને પોતાની સાથે ઘરે લાવ્યાં હતાં**



મુંબઈ,તા.૮

એક મહિના બાદ પોતાની દીકરી જેલમાંથી મુક્ત થતાં ધ્રુસ્કે-ધ્રુસ્કે રડી પડેલી રિયાની માતાના મોઢામાં એક જ વાક્ય હતું, 'ભગવાન છે. સુશાંતસિંહના મોત બાદ ડ્રગ કેસમાં રિયા સામે થયેલી તપાસ બાદ તેને જેલના હવાલે કરાઈ હતી. હાલ રિયા તો જામીન પર મુક્ત થઈ ગઈ છે, પરંતુ તેનો ભાઈ હજુય જેલમાં જ છે. રિયાની મુક્તિના સમાચાર મળતાં જ તેની માતાની આંખમાંથી આંસુ નહોતા રોકાઈ રહ્યાં. તેના પિતાની હાલત પણ કંઈક આવી જ હતી. ગઈકાલે તેઓ લગભગ જમીન પર ફસડાઈ પડવાની સ્થિતિમાં આવી ગયા હતા. રિયાની માતા સંધ્યા ચક્રવર્તીએ જણાવ્યું હતું કે, 'આ એક મહિનાના જેલવાસમાં મારી દીકરી પર શું વિતી હશે, શું તે આ આઘાતમાંથી બહાર આવી શકશે? મારી દીકરી ખરેખર ફાઈટર

● અનુસંધાન પાન-૭ પર

# ૨૦૨૧ સુધી ૧૫ કરોડ લોકો ગરીબી રેખા હેઠળ આવી જશે

**કોરોના મહામારીમાં વિશ્વના અર્થતંત્ર પર ગંભીર અસર : ૨૦૨૦-૨૧ના વર્ષમાં ભારતીય અર્થવ્યવસ્થા ૯.૬ ટકા રહી શકે, ૧૯૮૦ કરતા વધુ ખરાબ સ્થિતિ થઈ શકે છે**

નવી દિલ્હી, તા. ૮

કોરોના વાયરસને લીધે માત્ર વિકાસશીલ દેશો જ નહીં પરંતુ વિકાસિત દેશો પણ પરેશાન છે, વર્લ્ડ બેંકે બુધવારે કહ્યું હતું કે રોગચાળાને લીધે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ભારતીય અર્થવ્યવસ્થા ૯.૬ ટકા રહી શકે છે. બેંકના જણાવ્યા મુજબ, આ વર્ષ ૧૯૮૦ના આર્થિક સંકટ કરતાં ઘણી ગંભીર સ્થિતિમાં છે, જ્યારે ૧૯૯૧ એવું વર્ષ હતું જેમાં ઘણા ફેરફારો શરૂ થયા હતા, બેંકે કહ્યું છે કે કોરોનાને લીધે, વિશ્વભરમાં બેકારી વધી છે, તેથી બે દિવસ પહેલા, એશિયન વિકાસ બેંક (એડીબી) એ પણ વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ભારતીય અર્થવ્યવસ્થામાં નવ ટકાના ઘટાડાની વાત કરી હતી.

વર્લ્ડ બેંકે ચેતવણી આપી છે કે કોરોનાને કારણે સમગ્ર વિશ્વમાં આર્થિક સંકટ વધારે તીવ્ર બન્યું છે, તેણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે ૨૦૨૧ સુધીમાં ઓછામાં ઓછા ૧૫૦ મિલિયન લોકો કોરોનાને કારણે અત્યંત ગરીબ વર્ગમાં આવશે અને દક્ષિણ એશિયા તેની સૌથી વધુ અસર થશે. ખરાબ મંદીનો સામનો કરવાવિશ્વએ તૈયાર રહેવું પડશે. અર્થવ્યવસ્થા સંકોચાઈને ૭.૭ ટકા થવાની ધારણા છે. લોકડાઉનથી અર્થવ્યવસ્થા પર ખરાબ અસર પડી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે કોરોનાને કારણે થયેલ લોકડાઉનથી અર્થવ્યવસ્થા પર ખરાબ અસર પડી છે, તે પહેલાં પણ વિશ્વ બેંકના મુખ્ય અર્થશાસ્ત્રી કાર્મેન રેનહાર્ટે કહ્યું હતું કે, જો હવે બધા દેશોએ લોકડાઉન જોગવાઈઓ દૂર કરી દીધી છે. જો એમ છે, તો પહેલા જેવી જ પરિસ્થિતિ મેળવવા માટે પાંચ વર્ષનો સમય લાગી શકે છે.તેના મતે, આ મંદીની અસર શ્રીમંત દેશોના ગરીબો પર વધુ હશે, કારણ કે ત્યાં અસમાનતા વધશે. કોરોના વાયરસથી ભારતીય અર્થવ્યવસ્થાને સૌથી વધુ નુકસાન થયું છે, કોરોના વાયરસથી ભારતીય અર્થવ્યવસ્થાને મહત્તમ નુકસાન થયું છે. જ્યાં જીડીપીમાં

૨૩.૯ ટકાનો ઐતિહાસિક ઘટાડો થયો છે. દક્ષિણ એશિયાના ક્ષેત્ર માટે વર્લ્ડ બેંકના મુખ્ય અર્થશાસ્ત્રી હંસ ટિમ્મરએ જણાવ્યું હતું કે ભારતમાં સ્થિતિ પહેલા કરતાં પણ વધુ ખરાબ છે, ટિમ્મેરે વધુમાં કહ્યું હતું કે શરૂઆતમાં લાદવામાં આવેલા લોકડાઉનને કારણે ભારત સૌથી વધુ ખરાબ સ્થિતિનો સામનો કરવાનો આવ્યો છે. તે ખૂબ કડક હતું, જેના કારણે ત્રિમાસિક વૃદ્ધિ માઈનસ ૨૫ ટકા જોવા મળી હતી. જીએસટી કાઉન્સિલની ૧૨ મી ઓક્ટોબરે ફરી બેઠક થશે.

ચૌદમી વાર્ષિક પુણ્યતીથિએ

શ્રદ્ધાંજલિ



સ્વ. શ્રી કમલેશભાઇ અમૃતલાલ જાની

સ્વ. તા. ૯-૧૦-૨૦૦૭

સ્થાપકશ્રી : સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર

મૃત્યુ મળવું એ સમયની વાત છે. મૃત્યુ પછી પણ સૌના દિલમાં જીવતા રહેવું એ જિંદગીમાં કરેલ કર્મોની વાત છે.

ગં.સ્વ. કૈલાસબેન કમલેશભાઇ જાની

વૈભવ કમલેશભાઇ જાની — રૂદ્ર વૈભવ જાની

દિપ્તી વૈભવ જાની — વેદ વૈભવ જાની

સમર્પણ પરિવાર